# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-05-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ELECTION 6$^{TH}$ PHASE

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આજે સાંજે પ્રચાર પડઘમ શાંત થશે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 58 બેઠકો માટે 25 મેએ મતદાન થશે. જેમાં બિહારની 8, હરિયાણાની 10, જમ્મૂ કાશ્મીરની 1, ઝારખંડની 4, દિલ્હીની 7, ઓડિશાની 6, ઉત્તરપ્રદેશની 14 અને પશ્ચિમ બંગાળની 8 લોકસભા બેઠકો માટે મતદાન થશે. આ બેઠકો માટે 889 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

# Kyrgyzstan Surat

કિર્ગિસ્તાનની રાજધાની બિશકેકમાં વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલાને કારણે પરિસ્થિતિ તંગ બની છે. તાજા અહેવાલ પ્રમાણે સુરતનાં કેટલાક વિદ્યાર્થીઓ ફસાઈ ગયા છે. અમારા સુરતના પ્રતિનિધી લોપા દરબાર જણાવે છે કે, 20 વર્ષીય વિદ્યાર્થિની રિયા લાઠિયાએ ભારત સરકાર પાસે મદદ માંગી છે.

કિર્ગિસ્તાનમાં MBBS અભ્યાસ કરી રહેલી રિયાએ ભારત સરકાર પાસે મદદ માંગી છે. તે કિર્ગિસ્તાનની રાજધાની બિશકેકમાં ફસાઈ ગઈ છે. તેણે સોશિયલ મિડીયા મારફતે ઓડિયો ક્લિપ જારી કરીને પોતાની આપવીતી વર્ણવતા કહ્યું હતું કે, તેને ભોજન અને પાણી પણ નથી મળી રહ્યું. રિયાના પરિવારજનો વિદેશમંત્રીનો સંપર્ક કરવા પ્રયાસ કરી રહ્યા છે. રાજ્યનાં શિક્ષણમંત્રી પ્રફુલ પાનશેરિયાએ તેમને મદદની ખાતરી આપી છે.

# WEATHER

રાજ્યમાં આજે સતત પાંચમાં દિવસે ભીષણ ગરમીનું મોજું યથાવત રહ્યું છે.. ગઇકાલે રાજ્યના 10 શહેરમાં 42થી 46 ડિગ્રી સેલ્સિયસ સુધીનું તાપમાન નોંધાયું હતું. સૌથી વધુ 46.1 ડિગ્રી તાપમાન કંડલામાં નોંધાયું હતું, જ્યારે અમદાવાદમાં 45.9 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું હતું. આજે પણ શહેરમાં

મહત્તમ તાપમાન 46 ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા છે. ગઈકાલે રાજ્યનાં 11 શહેરોમાં હીટવેવની અસર જોવા મળી હતી. આજે હવામાન વિભાગ દ્વારા અમદાવાદ શહેરમાં રેડ એલર્ટ અને અન્ય 14 જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

દરમિયાન, હવામાન વિભાગે આવતીકાલે બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, આણંદ, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર, સુરત, વલસાડમાં તીવ્ર ઉષ્ણ લહેરની આગાહી વ્યક્ત કરી છે.

# Amreli Fire Facility

આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં લઇને ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસ દ્વારા અમરેલી જિલ્લા માટે અનેક ઉપકરણો આપવામાં આવ્યા છે, જેમાં અન્ડર વોટર કેમેરા, રેસક્યુ બોટ, ફ્લોટિંગ પંપ, રેસ્કયું રોબોટ બોયા, ટેન્ટ વગેરેનો સમાવેશ થાય છે. અમરેલીનાં ઠેબી ડેમ ખાતે આ તમામ ઉપકરણોનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકેટર અજય દહિયા ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે અમરેલી ફાયર ઓફિસર એચ.સી.ગઢવી અને તેમની ટીમની કામગીરીને બિરદાવી હતી અને જિલ્લાની અગ્નિશમન ટીમ અને ઉપકરણો કઈ રીતે કાર્ય કરે છે તેનું નીરિક્ષણ કર્યું હતું.

**(બાઇટ- અજય દહિયા- કલેક્ટર)**

# BUDHHA PURNIMA

રાજ્યભરમાં આજે બુધ્ધ પૂર્ણિમાની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે...

સાબરકાંઠા જીલ્લાના ઇડર ખાતે આજે બુધ્ધ પૂર્ણિમાના દિવસે બૌધ્ધ ધર્મના અનુયાયીઓ દ્વારા શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વડોદરાના સયાજીબાગમાં આવેલી સંકલ્પ ભૂમિમાં ભગવાન બુદ્ધની આરસની મૂર્તિની સ્થાપના કરવામાં આવી. આ અવસરે સંકલ્પ ભૂમિ ટ્રસ્ટના સભ્યો અને બાબા સાહેબ આંબેડકરના અનુયાયીઓ દ્વારા ભગવાન બુધ્ધને પુષ્પાજંલિ અર્પણ કરવામાં આવી..

ગીર સોમનાથ જિલ્લાના કોડીનારમાં સામાજિક સમરસતા મંચ દ્વારા ભગવાન બુદ્ધની પ્રતિમાને ફુલહાર, પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી તેમજ વેરાવળના વિવિધ ગામડાઓમાં બુધ્ધ ગાથાનુ આયોજન કરવામાં આવ્યું છે.

બોટાદના પાળિયાદમાં ભારતીય બૌધ્ધ મહાસભા અને ક્ષમતા એજ્યુકેશન એન્ડ ચેરીચેબલ ટ્રસ્ટ દ્વારા શોભાયાત્રાનું આયોજન કરાયું- આ શોભાયાત્રા પાળિયાદના મુખ્ય માર્ગો પર ફરી હતી.

દેવભૂમિ દ્વારકામાં પણ બુધ્ધ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી..

# BHARUCH- GANJO

અંકલેશ્વરના અંદાડા ગામના ખેતરમાં 52 નંગ ગાંજાના છોડ સાથે ખેતરના માલિકની એસઓજી પોલીસે ધરપકડ કરી છે.

ભરૂચ એસઓજીની ટીમને અંકલેશ્વરના અંદાડા ગામે રહેતા ખેડૂતના ખેતરમાં ગાંજાના છોડનું વાવેતર થયું હોવાની બાતમી મળી હતી, જેના આધારે દરોડા પાડ્યા હતા. જેમાં 52 જેટલા છોડ મળી આવ્યા હતા. પોલીસે ત્રણ લાખે 96 હજાર રૂપિયાની કિંમતનો 39 કિલો ગાંજાના જથ્થા સાથે ખેતરના માલિકની ધરપકડ કરી છે.

# C.UDEPUR- CHAMACHIDYA MOT

છોટા ઉદેપુર જિલ્લાનાં બોડેલીના કબ્રસ્તાનમાં તીવ્ર ગરમીને કારણે 100થી વધુ ચામાચિડિયા મૃત્યુ પામ્યા છે. આકાશમાંથી અગનવર્ષા થઈ રહી છે, ત્યારે માનવીની સાથે સાથે પશુ પક્ષીઓ પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગરમીનો પારો 45 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો છે. માણસો એસી પંખા જેવા ઉપકરણોની મદદથી ગરમીમાં રાહત મેળવે છે, પણ મુંગા પશુની હાલત વધારે કફોડી બની છે.. બોડેલીના કબ્રસ્તાનમાં ચામાચિડીયાની વસાહતમાં છેલ્લા બે દિવસમાં 100થી વધુ ચામાચિડિયાના ટપોટપ મોત થતા પક્ષી પ્રેમીઓમાં ચિંતા વ્યાપી છે.

# MEHSANA- WEST TO BEST

મહેસાણાના ગઢા ગામે બ્રહ્માકુમારીઝ દ્વારા બાળકોમાં રચનાત્મક પ્રવૃતિ વિકસે તે હેતુથી વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવવાની કળા શીખવવામાં આવી.. અમારા મહેસાણાના પ્રતિનિધી જયંતિ ચૌધરી જણાવે છે કે, બ્રહ્માકુમારીઝની બહેનો દ્વારા બાળકોને જૂના તેલના ડબ્બા, બોટલના ઢાંકણા, ખોખા, કાગળો, પુઠા જેવી વિવિધ નકામી વસ્તુઓમાંથી ઝૂમર, તોરણ, કબાટ, બાસ્કેટ જેવી વસ્તુઓ બનાવતા શીખવવામાં આવી હતી.

# SALANGPUR- PUNAM DARSHAN

સુપ્રસિધ્ધ યાત્રાધામ સાળંગપુર ધામમાં કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ખાતે પૂનમ નિમિત્તે સવારે સાડા પાંચ વાગ્યે મંગળા અને સાત વાગ્યે શણગાર આરતી કરવામા આવી હતી. આ પ્રસંગે દાદાને દિવ્ય વાઘાનો શણગાર તેમજ દાદાના સિંહાસનને રંગબેરંગી ફૂલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો.